દાવાનું કારણ સં. ૨૦૦૦ ના વૈશાખ સુદ ૧
ના રોજ પ્રતિવાદી નાં ૧ વાળાએ મકાન ભાડે લઈ
ભાડા લખત ઠરાવ આપી મજકુર કાંઈ આઈ મધે
લખી આપતા અને પ્રતિવાદી નાં ૨ વાળાનો
કબજો હાલે એ મકાન પેટા ભાડુત તરીકે
હોતા નામદાર કોર્ટની હકુમત મધે ઉત્પન્ન થયું
છે.

સમગ્ર હકીકત
માગણી કે

પ્રતિવાદીઓને આપ હજુર બોલાવી
ચડેલ ભાડાની કોરી ૧૧૬) એકશો સોળ
તથા મકાન કબજે મળતા સુધીનું ચડતું ભાડું
અપાવવા તથા મકાન આ દાવાના તમામ ખર્ચ

KJ 265

દમા અર્જી શરતે કુબલે અપાવવાનું હુકમ.
નામુ કરવા અપાવવા આધાર દસ્તક અને
પુરાવા નેપૈરે મલે શરતે સર્વ પ્રકારનો દાદ
અપાવવા દયા કરાવશો મેરબાની

આજ ભાદરવા સુદ ૨ ભોમે સં-૨૦૦૩
૧ એકર નારાણ વરસંગ ના સેઈ દા. પોતાના

આ નકલ નો કા. રણમલ રતના ના દાબા હાથના અંગુ
ઠા નો છે દા. પા. મુરજી જીવરાજ દાણાના કેવાથી.

આ નકલ નર કુંભાર નાનજી ભીમ ના દાબા હાથના
અંગુઠાનો દા. કરશન નાનજી ના દણાના કેવાથી

આ નકલ નર કણબી અબાઈ પચાણ ની દાબા હાથ
નો છે દા. રામજી વરસંગ દણીના કેવાથી

આમો વાદીઓ એકરાર કરીએ છીએ કે - આ માલમ
હકીકત અમારા જાણવામાંનવા પ્રમાણે ખરી છે તારીખ દર
૨ એકર નારાણ વિરજી ના શીઈ દા. ...

આ નકલ ના કા. રણમલ રતના ના દાબા હાથના
અંગુઠાનો છે દા. પા. મુરજી જીવરાજ દાણાના કેવાથી

આ નકલ ના કુંભાર નાનજી ભીમ ના દાબા હાથ
ના અંગુઠાનો છે દા. કરશન નાનજી ના છે દાણા
ના કેવાથી.

આ નકલ ના કણબી અબાઈ પચાણ ના છે દા.
ડાબા હાથના અંગુઠાનો છે દા. રામજી વરસંગ ના
દણાના કેવાથી

એકરાર કરનાર

પ્ર. ... [illegible]

[illegible] ખરીનકલ

... [illegible]

કાયમ ... [illegible] શિરસ્તેદાર [illegible]

[illegible]

લા૰ બેચર. રામજી. પુંજાણ બેચર. વત બાબુ

અમો ફરમાણ કે બેગામદાસની જગ્યા અધાવાડી

દરમ્યાન ને ઉગમણી બાજુ તેમો માયલા મે

બાંધુ માપુ કરેલ ચાર ચાર હાથનું છે ગજ

એકનું કોરા એક એક આરો સંદરા સંદર

દેવ રાઈ તેને લખે ઓરાય એકુલ છાડામાં

રાતેનું બાંધુ કોઠાવાળા ઘોડા દરો ઠેરાવ્યા છે

ગજ ચાર એકના દેવ રાઈ બાંધુ ઉપરાંત

રાખ્યુ નથી ઉપરના લખેલા તેને પંચને

અમે તે પાડે તેમને સોંપેલ કર્યું

દા. બેચર રામજી પુંજાણ

મતી સવંત ૨૦૦૭ના પોસ સુદ ૧૨ દિ

KJ 266

કચ્છમાં KJ 267

નામદાર શ્રી નખત્રાણા કોર્ટમાં

કાદીઆય જ્યોતીસધામના વહીવટ કરનાર
મુખી ધીરજી વિશ્રામ ઉ.વ. ૩૫ આશરે
રહેનારની કાદીઆય આથમણી ત્યા. હોલ્ડર
જડેજા મુરવાજી ના લોક
} અરજદાર

૧ કણબી વિશ્રામ વીરજી ઉ.વ. ૪૦ આશરે
રહેનારની કાદીઆય આથમણી.
૨ કણબી રામ રામજી ઉ.વ.૨૫ આશરે - રહે - એજ
૩ કણબી જેઠા નાનજી ઉ.વ.૩૫ " " "
૪ કણબી માવજી પુંજા ઉ.વ.૨૫ " " "
૫ કણબી વિશ્રામ રાવદાસ ઉ.વ.૩૦ " " "
૬ કણબી પેથા સોમજી ઉ.વ.૪૫ " " "
૭ કણબી મનજી લાલજી ઉ.વ.૩૮ " " "
૮ કણબી દેવા લધા ઉ.વ.૪૦ " " "
૯ કણબી નાંથા હંસરાજ ઉ.વ.૨૬ " " "
૧૦ કણબી કરશન પ્રેમજી ઉ.વ.૪૦ " " "
૧૧ કણબી હરજી ગોપાલ ઉ.વ.૪૦ " " "
૧૨ કણબી નાસા નાગજી ~~ઉ.વ.~~ એજ
} સામાવાળા.

બાબત.
કલમ ૯૧ - ૯૮ મુજબ

અરજદારની માનસર અરજ કે અમારા ગામમાં અમારા જ્યોતીસ ધામનું મંદીર છે અને તે મંદીરની સ્થાવર મીલકતમાં મંદીર વાળી જગ્યા તથા બીજી એક જગ્યા છે જેઓને જગ્યાની ચતુર દીશા આ જોડે આંક ૧ ઉપર રજુ રાખેલ છે મંદીર માં અમારા પુજના સ્થાન માં અખંડ જ્યોત અને પાટ છે જે પાટ સીંગાસન માં પધરાવેલ છે અને તેમાં પુજની સામગ્રી રહે છે

અમારા મંદીરની અંદર અમારા ઠામ વાસણ ગાદલા ગોદડા રજાઈ વીગેરે તથા ધાન ધુન રહે છે અને મંદીર સિવાયની નંબર વાળી જગ્યા માં પણ તેજ પ્રમાણે સામાન

શાહેદોનું લીસ્ટ

૧ કા. મુળજી જીવરાજ રેહાશી ખોંભડી
૨ કા. માનજી ભીમજી ,, આતોમણની કારોઆદ
૩ મેરાી કાકુ નુધાન ,, એજ
૪ કા. રહામલ રતના ,, એજ
૫ કા. આખઈ પમાણ ,, એજ
૬ કા. વીરજી લાલજી ,, એજ
૭ કા. કરશન હેવજી ,, એજ
૮ કા. ખેતા કરમશી ,, નેત્રા
૯ પટેલ અરજણ સામજી ,, કોટડા
૧૦ પટેલ અરજણ આખઈ ,, નાના અંગીઆ
૧૧ કા. હંસરાજ જેઠા ,, વિરાણી

એ રીતે શાહેદો નંબર ૧ થી ૧૧ વાળા શાહેદ નાકે પોતે સમન ખર્ચો સ્ટાંપના સાથ આઠનો આ ઓસે રજુ છે નંબર ૯-૧૦-૧૧ વાળા તારીખે હાજર રાખી શ

વૈશાખ વદી ૯ શનિ સં. ૨૦૦૨

ઠકર કરશનદાશ (કુવારજી)
અરજદારના વકીલ

KJ 268

શ્રી નખત્રાણા અદાલત.
ખા૦ફો૦ પ. કામના સં. ૨૦૦૨
વૈશાખ વદ ૯ શનીવાર સં. ૨૦૦૨.
હું જ્યોતીસ ધામના રામબાઈ ખરું લખાવીશ
મારૂં નામ વીરજી બાપનું નામ શિવરામ જાતે કણબી ઉંમર
૬૫ ધંધો ખેતી રે. કાદીઆય ગઢવારી

હાજર થઈ પુછવાથી લખાવું છું કે હું જ્યોતીસધામ પંથ
નો છું કાદીઆય ગામમાં આશરે ૯૦ ઘર લગભગ છે તેમાંથી
૬૦ ઘર જ્યોતીસ ધામના પંથમાં છે અને ૨૦-૨૫ ઘર હમણાં
બે ત્રણ મહીના થયા સુધારક પંથમાં ભલ્યા છે કાદીઆયમાં
જ્યોતીસ ધામની બે જગ્યાઓ છે તેમાં એકમાં જ્યોત પાટ
રહે છે અને બીજી જગ્યામાં મરાવાશાળ વીગેરે રાખેલ છે
અને ઉપરના ભાગમાં સ્કુલ તરીકે ભાડે આપેલ છે અને
તેની ભાડા ચીઠીપણ અમને કરી આપેલ છે અને તેનો કબજો
અમારો છે તેનો મુખી હું છું હમણાં આઠેક રોજ થયા સામા
વાળાઓ અમારા ધર્મની ખોટા ભાષણો કરી નીંદા કરે છે
અને ધર્મની જગ્યા તથા નીશાળ વાળી જગ્યામાં લક્ષ્મીનારા
યણની છબી રાખશું અને તેમાં જો અમો ના પાડશું તો
માર મારશે એમ સામાવાળા બોલ્યા કરે છે અને લાકડી
આ લઈને ફર્યા કરે છે

ગઈ કાલ રાત્રે જે મકાનમાં સ્કુલ છે તેમાં તેઓ
બળજબરીથી ઘુસી આવ્યા હતા અને કહ્યું કે તેઓ લક્ષ્મી
નારાયણની છબી રાખશું તેમના હાથમાં લાકડીઓ હતી
અને અમે અટકાયત કરતા તો તેમાંથી તકરાર થઈ પડત
અમે ત્યાંથી સવારના રવાના થઈ ૧૧ વાગે અહીં આવ્યા
છીએ પાછળ શું થયું છે તે અમને ખબર નથી અમો જ્યો
તીસ ધામને માનીએ છીએ અમારી જ્યોતીસધામની
જ્યોત પાટ વાળી જગ્યા કે બીજી જગ્યા નીશાળ વાળી જે
જ્યોતીસધામની છે તેમાં તેઓ બીજા ધર્મની છબીઓ.

રાખી શકતા નથી તેમાં જો છોકરાઓ રાખે તો તેમાં મોટી
તકરાર અને સુલેહ ભંગ થઈ પડે તેવી રહેતી છે જેથી
તેનો તરત બંદોબસ્ત થવા માટેની જરૂર છે તે કારણે અમે
વકીલ રાખી આ ફરીયાદ કરેલ છે આવતી કાલે રવીવાર છે
એટલે ઓફીસો બંધ છે અને આજે અમે મોડા આવ
વાથી અને કોર્ટના ટાઈમ સવારના હોતા કોર્ટમાં પોચી
શકયા નહિ જેથી બપોરે આપને ત્યાં આ અરજી રજુ
કરી છે અને અમારા કબજાની મીલ્કતમાં સામા વાળા
દરકત કે અટકાવ કરી કબજો ~~લઈ~~ પડાવી લે નહિ તેમજ છોકરાઓ
કે મજુરતો બેસાડી તકરાર કે સુલેહ ભંગ ન કરે તેવો
તરત બંદોબસ્ત કરાવી દેવા અમારી અરજ છે

દા. વીરજી ધેશરામભાનો સહી દા: પોતાના

રૂબરૂ

જીવરામ મોનજી

નખત્રાણા ન્યાયાધીશ.

KJ269

દરમ્યાન બંદોબસ્ત થઈ રહેલ જામીન
લેવા બાબત

ઉપમા

નામદાર શ્રી નખત્રાણા કોર્ટમાં

મુખી ધોરજુ વીશ્રામ કાદીઆણ અરજદાર
કણબી વિશ્રામ ધોરજુ વોગેરે એક સામાવાળા

બાબત ~~કે~~
કલમ - ૯૧ - ૯૮ - મુજબ

અરજદાર ની માનસર અરજ કે સામાવાળા વિરૂધ્ધ કલમ ૯૧-૯૮ મુજબ અરજ નોંધાવેલી છે તેનો કાયદેસર નીકાલ થશે દરમ્યાન અમારા અરજમાં જણાવ્યા મુજબ સ્થીતી નીએ મુજબ હોતાં સામાવાળા નીકાલ થતા દરમ્યાન સુલેહ ભંગ કરી અમારો કુળને પડાવી નલે તેમ અમારા મકાનમાં છબો કે મુર્તી બેસાડે નહી તે માટે તેમના દરમ્યાન જામીન લેવાઈ અમારા મકાનોઅને મોફૂત નું મેજર કરાવી અપાવવા દયા કરાવશો.

સામાવાળા આઠેક રોજ થયા એકઠા થઈ કુળને પડાવી લેવા તથા મુર્તી કે છબીઓ બેસાડવા દોડધામ કરતા કરતા ગઈ કાલ રાત્રે અમારા મકાન માં લાકડીઓ લઈ આવેલા છે અને ત્યાંની સ્થીતી બહુજ ગંભીર છે નજરે જોનાર સાહેદો પૈકી બે સાહેદ નામે કણબી રામજી લખુ તથા મેઘજી દાના હાજર છે તેમનાથી ખાત્રી કરાવી સામાવાળાઓ ઉપર મનાઈ હુકમ થઈ તેમના દરમ્યાન જામીન લેવરાવી અમારા મકાનમાં તેઓ નથીન કંઈ ન કરે તેમાટે મેહેર આપ નામદાર સ્થાનીક પધારી કરાવી આપવા અને તે અને અમારા મકાનમાં એકઠા થયેલા છે તે દુર કરાવી અપાવવા મહેરબાની કરાવશો અને આપ નામદાર સાહેબ અગર રા. સોરરસ્તેદાર સાહેબ

ને મોકલી મેજર કરાવી અપાવશો

આ અરજ તથા મુળ અરજ આજે કોર્ટનો ટાઇમ પુરો થયેલ છે પરંતુ સ્થીતી બહુજ ગંભીર હોતાં તેમજ આ સુલેહ ભંગનો ફરીયાદ તાકીદીક બંદોબસ્ત કરવાની જરૂર હોતાં કોર્ટના ટાઇમ બહાર રજુ કરવા ફરજ પડે છે એજ અરજ

સામાવાળાની નોટીસ ફીના સ્ટાંપ કોરી ૧ નો આ સાથે રજુ છે એજ અરજ

વૈશાખ વદ ૮ શની સાં. ૨૦૦૨

ઈકરાર
પા. વીરજી પ્રેમરાજ ની સહે દા. પોતાના.

શેરો

અરજદાર ઉપર પ્રમાણે પ્રતિજ્ઞા ઉપર અરજ કરે છે અને પ્રાથમીક કેસો પુરાવા તરીકે બે શાહેદો રજુ કરતાં તેમની પ્રતીજ્ઞા પર જુબાની લેવામાં આવી તથા મુળ પ્રકરણે અરજદાર ની જુબાની લેવામાં આવી તે તથા ઉપર ના શાહેદોની જુબાની તથા કામના કાગળો જોયા તો સામાવાળાઓ અરજદાર ના કબજાના જતો તોસ ઢોરના મંદીર અને તેની મેળા બીજા નોરતાળ વાળા મકાન ના અરજદાર ના કબજા વગેરેમાં દખલગીરી કરી ઉબીઆ બિસાડવાની હીલચાલ કરતા હોવાથી અને તે કારણે સુલેહ ભંગ થવાનું જોખમ નજીક માનવા કારણ રહે છે માટે આ પ્રકરણે એવો હુકમ કરવા નું ઉચીત જણાય છે કે અરજદાર ની અરજ પ્રમાણે સામા વાળા ના દરમ્યાન જમીન સામાટે ન લેવા તેનું ~~ધ્યાન~~ કારણ બતાવવા સામાવાળા઼ઓને નોટીસ કરવી અને વધુ ૨

KJ 270

હુકમ થતાં સુધી સામા વાલાઓએ ઉપર જણાવેલ કે
અરજદારના કબજા ભોગવટાના મકાનોમાં દખલગીરી કરી
છબો ઓ ઉશ્કેરાટવાળું કરે નહી તેમજ તકરાર કે સુલે
હ ભંગ ન કરે તેથી રરે સામા વાલાઓનો કોરી
૨૦૦) ઉસાઓનો મુચરકો લઈ મોકલવા પોલીસને લખવું
અને અરજદારની માગણી પ્રમાણે સ્થાનીક સ્થીતીનું
મેજર કોર્ટના કારકુન મોકલી કરાવવું
વૈશાખ વદ ૯ સોમવાર સં. ૨૦૦૨

જુમરામ મોનજી ગોર
નખત્રાણા ન્યાયાધીશ

રજુ
જ. સુ. જ. સાહેબાર
કરશનદાસ

શા. કરશનજી

ઉપર પ્રમાણે મેજર કરી આવી આ નીચે રીપોર્ટ
કરવો સામાવાલા ઓને બની શકે તો હાજર રાખવા
વૈશાખ વદ ૯ શનીવાર સં. ૨૦૦૨

જુમરામ મોનજી ગોર
નખત્રાણા ન્યાયાધીશ

વિનતી સાથે અરજ કે
આપના નામદાર સાહેબના ફરમાન મુજબ અરજદાર સાથે
જઈ ઉભને બાંધાની હાજરી માં મેજર કરી આવી કાગળો સાથે
માં રજુ કરું છું તો [illegible]
વૈશાખ વદ ૧૨ સોમો સં. ૨૦૦૨

[illegible]
કરશનજી બાપુભાઈ
કારકુન.

જાહેર થયું - ઉપર મુજબ આપેલ તારીખે રજુ કરવું તા. ૨૫-૫-૨

શ્રી નખત્રાણા અદાલત

ક્યા. ફો. કામના. સં. ૨૦૦૨

વૈશાખ વદ ૮ શનો સં. ૨૦૦૨

શાહેદી

જ્યોતીસ ધામના સમજાઈ ખરૂં લખાવીશ.

મારૂં નામ રામજી બાપનું નામ લાલજી જાતે કણબી ઉં.વ. ૭૦
ધંધો ખેતી રેહાસી કાદીઆય

હું હાજર થઈ પુછવાથી લખાવું છું કે હું જ્યોતીસ ધામના
પંથમાં છું અમારા ગામમાં અરધાંથી વધુ માણસો જ્યોતીસ
ધર્મ પાળનાર છે અને આશરે એકાદ માસ થયા સુધારકપં
થમાં ભળ્યા છે સામાવાળાઓ ઠેકાણે ઠેકાણે ગામમાં ભાષ
ણ કરે છે કે અમારો જુનો ધર્મ ખેમી નાખો અને નવા ધર્મ
પધરાવવો એટલે લક્ષ્મી નારાયણની છબીઓ અમારા જ્યોતી
સ ધામની જગ્યામાં બેસાડવી અને તેમાં જો અમો અટકાવ કરીએ
તો અમને માર મારશું એમ બોલ્યા કરે છે અને હાથમાં લાક
ડીઓ અને જેડા લઈને ફર્યા કરે છે જ્યોત પાઠ જે મકાન
માં છે તેનો તથા જ્યોતીસ ધામનો બીજો મકાન જેમાંની
શાળ છે તેનો કબજો ભોગવટો જ્યોતીસ ધામ વાળાનો છે અને
તેનો વૈવાર પણ વીરજી જુઓ કરે છે તેના અને પરાશઓના
તાળાંઓની કુંચીઓ ~~અને~~ પણ અરજદાર પાસે રહે છે ઉપરના ખંડમાં
નીશાળ છે તેનો ભાડ ઓઠી પણ વીરજી ના નામની છે સા
મા વાળાઓ જગ્યાનો કબજો પડાવી લેવા માગે છે અને
તેમાંથી જ્યોત પાર કાઢી નાખી લક્ષ્મી નારાયણની છબી બેસા
ડવા માગે છે અમે કહીએ છીએ કે જુના ધરમમાં નવો
ધરમ થઈ શકે નહિ તમારે નવો ધરમ કરવો હોય તો
જુદી જગ્યા બનાવી તેમાં કરો છતાં બળ જબરાઈથી જગ્યા
ઓનો કબજો લેવા માગે છે જો તેમ થાય તો મોટી તકરાર
અને સુલેહ ભંગ થાય તેમ છે મકાનમાં જે હું કમાટી

KJ 271

ગુસ્સો થય છે અને તેમના હાથમાં ડંડાઓ હતા અમોના
કહેવા જતાં મારામારી થઈ પડત એવી રીતના છે અને
ગઈ કાલ રાત્રે અહીં આવ્યા છીએ પછવાડે શું બન્યું
છે જ્યોતીસ ધામનો અમારો પંથ સૈકડો વર્ષોનો છે
કા: રામજી લાલજી ની સહી દા: હા. કરશનદાસ કુંવરજી
ધણીના કહેવાથી

રૂબરૂ
નખત્રાણા ન્યાયાધીશ.

વૈશાખ વદ ૧૦ શનીવાર સં. ૨૦૦૧
હું જ્યોતીસ ધામના સમ ખાઈ ખરૂં લખાવીશ.
મારૂં નામ મેઘજી બાપનું નામ દાના જાતે કુણબી ઉ.વ.૪૦
ધંધો ખેતીના રે. કાદીઆય આંધમાણી.

હું હાજર થઈ પુછવાથી લખાવું છું કે હું જ્યોતીસધામ
ના પંથમાં છું તેની બે જગ્યાઓ છે તેમાં એકમાં સરસામાન
અને વાસણ ગુસણ રહે છે તથા ઉપલા ખંડમાં નીશાળમા
હેમારતને ભાડે આપેલ છે તેનો કબજો ભોગવટો વીરજીમુ
ખી કરે છે અને તેપ્રમાણે વીરજી મુખી કબજો સંભાળે છે

આ સામાવાળાઓ ઝંડા ઉપાડીને ફરે છે અને અમા
રા જ્યોતીસ ધામની વિરૂધ્ધ થયા છે અને તેઓ કહે છે કે
મુરતીઓ મકાનમાં બેસાડવી અને જ્યોત પાઠ બેસાડવો
તેમાં છબીઓ બેસાડવાનું કરે છે અને તેવા ભાષણો કરે છે
અને છબીઓ બેસાડવામાં અમે અટકાવ કરશું તો અમને
મારશે એમ બોલે છે અમારા જ્યોતીસ ધામના પંથમાં
બીજા ધર્મની છબીઓ બેસે નહિ અમારો ધર્મ જુના વખત
નો છે તેમાં નવું થાય નહિ અને તેમ થાય તો અમારા પં
થવાલાની લાગણી દુખાય અને તકરાર થાય તેમ મારા
મારી થઈ પડે તેઓ કહે છે અમો બેસાડશું અને અમો

કહીએ કે નહીં બેસાડીએ ગઈ કાલે રામોપણ નીરાળ
વાળા ખંડમાં પોતાની જે હુકમીથી દાખલ થઈ તેમાં છબીઓ
બેસાડવાની હીલચાલ અને ભાષણો કર્યા હતા અમો ના
કહીએ છીએ કે આ મકાનમાં છબીઓ બેશે નહિ તમારે
જુદો મકાન લઈ તેમાં બેસાડવી હોય તો બેસાડો છતાં સા
મા વાળાઓ બરજબરીથી બેસાડવાનું કરે છે જો તેમ થાય
તો અમને ધાસ્તી લાગે છે કે તકરાર થઈ પડશે જેથી આ
મારા ગાંધી વાળા ભેગા થઈ રીતસર કોર્ટમાં ફરીઆદ કરવા
મુખીને જણાવ્યું છે અમો પણ મુખી સાથે આવ્યા છીએ
પાછળ ત્યાં શું કર્યું છે તે અમને જાણવામાં નથી

કણબી મેઘજી દાનાની સહી દાઃ ઠક્કર કરશનદાસ કુંવરજી
ના દીણીના કેવાથી.

રૂબરૂ

નાયબ ન્યાયાધીશ.

3

KJ 272

શ્રી નખત્રાણા અદાલત.

જ્યા ફો. પ. કામના. સાં. ૨૦૦૨

વૈશાખ વદ ૧૦ રવીવાર શાં. ૨૦૦૨

સ્થાની કે કાદીઆય મદયે

સવારના સ્ટાં. ૭ થાગે આશરે

કાદીઆય મોટી મધે

૧ મારૂં નામ દેવચંદ બાપનું નામ જેઠા જાતે લોહાણા ઉ.વ. ૩૩ ધંધો વેપાર તથા નોકરી રે. મોટી કાદીઆય

૨ મારૂંનામ ડુંગરસી માવજી જાતે લોહાણા ઉ.વ.૫૫ ધંધો વેપાર રેવાસી મોટી કાદીઆય

૩ મારૂં નામ મનજી બાપનું નામ ભીમા જાતે કુંભાર ઉ.વ. ૫૦ ધંધો ખેતીનો રે. મોટી કાદીઆય

૪ મારૂંનામ કાનજી બાપનું નામ મુરારજી જાતે લોહાણા ઉ.વ. ૨૬ ધંધો વેપાર રે. મોટી કાદીઆય

લી. અમો ઉપર લખ્યા નામ વાલાઓ તથા નીચે સહીઓ કરનારા અમે અમારા ધર્મની પ્રતીગ્નાથી લખાવીએ છીએ કે અરજદાર કાદીઆયના મુખી વીરજી વિશ્રામ અને સામા વાલાઓ ત્યાંના કાનજી વિશ્રામ વીરજી વગેરે વિરૂધ્ધ કલમ ૯૧-૯૮ મુજબ ફરીયાદ દાખલ કરી દરમ્યાન બંદોબસ્ત થવા અરજ કરી અરજદારના કબજાની જ્યોતીસ ધામની જગ્યાઓનું હાલની સ્થીતીનું મેજર થવા અરજ કરી તે અરજ તેમની મંજુર થતાં રા. કરશનજી નથુભાઈ ને હુકમ થતાં તેઓ આજ રોજે સ્થાની કે અમો તેમના બોલાવવાથી હાજર થતાં નીચે લખ્યા સ્થળે આવી અમે અમારી ધર્મની પ્રતીગ્નાથી લખાવીએ છીએ

સામા વાલા પૈકી વિશ્રામ વીરજી તથા મનજી લાલજી તથા જેઠા કાનજી તથા વેલજી લધા તથા સોમજી તથા વિશ્રામ શીવદાસ હાજર છે બાકીના હાજર નથી

જ્યોતીસ ધામની જગ્યાએ આવતાં તેનો દરવા
જો

ઉતરાદી મુખાડે છે તેના ઉપર એક લાકડાનો બોર્ડ છે તેમાં
ગામે લખ્યા અક્ષરોથી લખેલ છે "શ્રી કાદીઆય પાટીદાર
માજનનું જયોતીસ ધામ હિંદુ સિવાય કોઈએ અંદર
આવવું નહિ તથા બીડી તમાકુ પીવું નહિ" એ પ્રમાણે
લખેલ છે ડેલી આથમણી બાજુ ટપાલનો ડબો છે ઉપરે
કોરે કરા ઉપર લાકડો અને તેમાં ડાંડી ઉપરે ધજ બાંધેલ
છે લાકડો પાણાના પીલરમાં છે ધજાનો લુગડો બેડેરડે
થઈ ગયેલ છે જેથી ઉગમણી કોરે રવેશી લાકડાની બા
કડિ છે તે પતરાથી ઢાંકેલ જોવામાં આવતું નથી ડેલીની
અંદર દાખલ થતાં બાકડિ છે અને આગણામાં સામસામી
બાકુ આલી છે આથમણી આલીમાં ઉતરાદે ખુણે લોઢા
ની ગરેડી વાલો કુવો છે કુવાને સામે બીજે છેડે રસોઈ ક
રવાનો ખુરો છે ખુરા પાસે ત્રાબાના મોટા કડાલા બે છે
તેના ઉપર નામ કાદીઆય આથમણી બારવાલી ખાનાની
જગ્યા ના છે જગ્યાની ઓશરીમાં આવતાં સામે એક
ફાનસ જોવામાં આવે છે તથા માલધરા ઉપરે એક નીશે
ણી જોવામાં આવે છે તથા ઉત્રાદી બાજુની ભીંતોમાંખી
લીઓ ઉપરે ગોરડા ૩ ત્રણ છે તેમાં કાદીઆય બારવાલી
ના ખાના ના છે જેથી દખણાદી બાજુ ભીડી આડે તે ઉપરે
આમડાનો કોશ તથા નશી તથા કેતકીની ધરતાડી તથા કો
દારી લોઢાની લાકડાના હાથા વારી તથા પાવડો લોઢાનો લા
કડાના હાથા વારો તથા લોઢાની કબાઈ બે તેમાં એક સાબુ
છે બાજુનો પારો ભાંગેલ જોવામાં આવે છે તથા એક
માંગો સાંદરી થી ભરેલો જોવામાં આવે છે તથા બાલદી એક
છે અને તે ભેલીયામાં એક ગોખલો છે તેમાં આટાર જોવા
માં આવે છે અને તે ઓશરીમાં એક બાલદી તેની મે
ખુમકું લોઢાનો પડયો છે તથા એક કોશની ભંમો તેમાં
લોઢાના ખીલા બે નકુમા વાલા છે તથા તેની પાસે એક

KJ 273

શાંગ ઢકાળા ઉપાડવાની તથા જગ્યા ઓળખવાનો
એક ફકો ખારકીયાલનો છે ઓરડામાં દાખલ થવા માટે
બે દરવાજા આથમણી જુઆડના છે તેમાં દખણાદી બાજુ
ના દરવાજા ઉપર ઓતરો છે તથા ઉતરાદી બાજુના દરવાજા
ઉપર ઓતરો ના તોરણ નીચે એક પાટીઆ જોવામાં આ
વે છે અને તે પાટીઆ ઉપર નીચેના અક્ષરો લખેલા છે
॥ આ જગ્યા જ્યોતીસ ધામની છે જમાને તેનું છો। અને
ત્યાંથી અંદર દાખલ થતાં એક હોલ જોવામાં આવે છે
અને તે હોલ ઉપર ઉતરાદી બાજુ એક ચોરસ ઓરશા ઓર
શા આશરે ૮ ગજ છે અને તેના નીચે ચાર થાંભલાવા
ળો લાકડાનો માંડવો સીમેન્ટના ઓટા ઉપર ઓડેલ છે
અને તેના ઉપર લાકડાથી ઢાંકેલ છે અને તે લાકડા ઉપર બે
બોલાખોઆ ચાર થાંભલા ઉપર ચાર ગોળ નીશાન છે એ
ટલે એવું નામે શું એવું અમે કાંઈ સમજી શકતા નથી
તેમો એક ફે કપડાનો તોરણ છે તેના ઉપર આગીલ ના તોર
ણ ઉપર ભરતથી ભરેલા અક્ષર નીચે પ્રમાણે છે પરબ
દેવજી હંસરાજ ભા૦ એમ લખેલું છે અને ચાર થાંભલા
ની અંદર ઉગમણી બાજુ કરાના ખુરમાં એક મંદરવો બાંધે
લ જોવામાં આવે છે અને તે મંદરવા ઉપર ભીતમાં ગાદી
ટીંગાડેલ છે ચાર માંડવાના પડદા નીચે એક ઝુમખ ટાંગે
લા છે તેમાં ચાર ઈંડા કાચના રંગીન ટાંગેલા છે તથા ઉત્તર
પાંચ ટાંગેલા છે તે આદીના છે તે ઉતાર નીચે એક પાટ
સીમેન્ટના ઓટા ઉપર છે તેના માથે ઢાંકેલું કટારી આ
સાવરુ રંગનો લુગડો તે ઉપર મોર પીંછીના જુડા બે પડેલા
છે અને તેના વચમાં ઓપડી એક પ્રાણ(?) પીપરના પુંઠા
વાળી તેનું નામ " સત્યની આજ્ઞા પત્ર છે " પાટલાના ઓશિક
નીચે એક તોરણ લુગડાનો એક ફેર છે તે ઓશિકડાથી દૂર
છે તે પાટ બહેનાજી નો હોવા અરજદાર અમારા રૂબરૂ
કહે છે એ પાટની ઉગમણી બાજુ એની નોધાર કરી

તેની બાજુમાં એક નાનો આરીશો છે તેની બાજુમાં એક
ડાબલી લાકડાની છે તેમાં અંજન છે તથા એક ધારકી
એલીમેન્ટ ની છે તથા સીમેન્ટની એક પારલી છે તેના
ઉપર એક ચીંથરો(?) છે અરજદાર એ પારલીને પોતા
ની મુખની આરસી હોવા અમારા રૂબરૂ કહે છે તથા
તેની બાજુમાં એક પીતળનો કરસીયો છે તેના ઉપરથી
તરનો ધારકો ઢાંકેલ છે તેની બાજુમાં લાકડાનો આગર
બત્તી ખોડવાનો વીંધ કરેલ કટકો પડ્યો છે અને ઓટાર
ની મે એક ચીનીનો ધારકો છે તેની બાજુમાં લાકડાનો ડા
બલો છે તેમાં લોબાન છે અને એ પારનો દખણાદી બાજુ
માં એક કુપેરો(?) પીતળના હાથાવાળો છે તથા એક લોખંડ
નો ચીપીઓ છે તેની બાજુમાં એક દીવો છે ઉતરાદીમાં(?)
બલાની(?) બાજુ ~~માં~~ ચાંદીના હાથાવાળો ચમર છે તેને રેશમી
લુગડાનો કવર છે તેની બાજુમાં મોરની પીંછીના બે જુડા
છે આગળના પાયલા(?) જેમાં દીવમાલા ભરવાના લોખંડ
ના ખીલુઆ(?) છે તે દરેકમાં ~~છ~~ કુંછ છે વાળાલાની(?) બાજુમાં
આથમણી બાજુ દીની(?) જ્યોત બળે છે તેની આથમણી
બાજુ એક મારલું(?) સુપીયા ઉપર છે તેની અંદર કોલસા છે
અને તેની ઉપર ત્રાંબાની કડાઈ ઢાંકેલ છે તેના બાજુમાં એક
લોખંડનો દીવો છે આ જગ્યાની અંદર ખાડ ફેર આરીયાત
ધા બોરા આરીયા તથા કબાટ કુલ્લે ૧૫ પંદર છે અને
ખીલીઓ ઉપર પેરવાના લુગડા તથા ધડકીઓ તથા મુખીની
પાગડી મુખમાં પેરવાની પડેલ છે મંડપની ઉગમણી બાજુ
મુખીને બેસવાની ગાદી તથા તકીયો છે તેના ઉપર ખીલી માથે
તેની પાગડી છે આરીયા કુલ જ ઢાંકેલા છે તેને તાળાં
છે તેની ચાવી અરજદાર પોતા પાસે હોવા કહે છે તથા કબા
ટ ભીતમાં ચોટેલ છે (જેટાંકા બારી) તેની ચાવી અરજદાર
પોતાના કાકા દાના પાસે હોવા જણાવે છે ઓરડા

KJ 274

ઉત્તરાદા બારણાને સામે ઉગમણી ભીંતે માંડી
લાલજીનું ઘડીયાલ ગાલુ ટાંગેલ છે ઓરડાને દખણાદે
બાજુ ફરાની બાજુમાં લાકડાના મંજુશ ૨ બે છે અને
તે ઉપરે ગાદલા તથા ગોદડા પડેલ છે તેના ઉપર ગાદલાઉ
પર કાઠીઆવ ગઢવાળીના પંડનું નામ છે અને તે મોટા
મંજુસમે ખોલી જોતાં અંદર ગોદડા તથા ગાદલાથી ભ
ર્યો છે તે મંજુસની અંદરના એક પેડકી ઉપર નામ
મોતા કાઠીઆવ ગઢવારીના ખાનાનું છે તે એક પેડકી
જોતાં જણાય છે તેને ઉગમણે એક નાનો મંજુસ છે
તેમાં એક બાજુ ગાદલા તથા ગોદડા છે તે આરજદાર આજ
હોલમાંથી ઉગમણી ભીતની દિશામાંથી કુંચીઓ જોડી
કાઢી મંજુસનો તાળો ખોલતાં અંદર ~~ના~~ આથમણી બાજુ
ગાદલા તથા ગોદડા જોવામાં આવે છે અને ઉગમણી કોર
ભંડાર છે તેને તાળું છે તેમાં પૈસા દાખલ થવાનું બાંધ છે
એ મંજુસના ઉગમણી બાજુ ~~ગાદલા તથા ગોદડા જો-~~
~~વામાં આવે છે~~ ફરામાં એક પાણીયારું છે તેમાં માટીના
તથા ત્રાંબાના વાસણો પાણીથી ભરેલ છે મોટા મંજુસની
બાજુમાં એક લાકડાનો ઢોલ તથા લાકડાની ઘોડીમાં
એક નગારું છે નગારાને વગાડવાની બે ડાંડીઓ ડોરી
વડે બાંધેલ છે તે ઓરડાનો દખણાદા બારણા સામે
ઉગમણી જુઆડે ઓરડો છે તે ઓરડાને તાળું દીધેલ
છે તે તાળું અરજદાર પોતા પાસેની ચાવીથી અમારી
રૂબરૂ ખોલતાં તેમાં ત્રાંબાના બોઘરા નાના તથા મોટા ૭
છે તથા કુંડી નંગ ૫ પાંચ છે તથા ત્રાંબાની એક કોઠી છે
તેમાં એક ઢાંકણ છે તેના નીચે નળ છે તે કોરી ગુણા ભરેલ છે
ત્રણ પકડી માટીની કોઠી છે તેમાં બે સરસોઆથી
ભરેલ છે તે ઘાની દીધેલ છે અને એક કોઠી ખાલી છે
તેની બાજુમાં સીમેન્ટ ની પેટીમાં બાજરો ભર્યો છે ત્રણ-

પીતળ નો ત્રાબડી છે ઝારી આમાં પીતળની ધારીઓ છે તથા
લોઢાના ભરા તથા તાવથા છે તથા એક કમંડલ છે તથા
ત્રાંબાનો પાવડો લાકડાના હાથાવાળો છે તે પાવડાનો ઉપર નામ
કાદીઆય ગઢવાળાના ખાનાના છે તે અમુક ઉપર નામ છે આ
ઓરડામાં ખંડ બે છે એ ઓરડાનો બીજો બારણો પાછળના
ભયર રસ્તા ઉપર પડે છે તથા ત્રાંબા કુંડીમાં મગ છે તેમાં એક
માપ પડયો છે તેમાં એક પારઈ છે તે ઓરડો બંધ કર્યો તેના
ઉપર મેડો છે તે માથી જ્યાની થાટ ડેલીમા આથમણી બાજુથી
ઉપર જવાય છે અને તેજતાં તે મેડાને તાળો હોતાં અરજદારે ખો
લતાં અંદર આવ્યા તેના દરવાજે આથમણી જુઆડનો છે
તેની અંદર ગાદલા ૧૦-૧૨ બીછાવેલા છે તેના ઉપર અમુક
ઉપર નામ છે તે કાદીઆય ગઢવાલી ખાનાનું છે એથા અહુર
લખેલ છે આ હોલ એક છે તેમાંની ઓ સીમેન્ટની
પરથાળ છે તેને ઉગમણી બાજુ એક મજુરા છે તેના ઉપર
ગોદડા છે અંદર પાણ ગાદલા તથા ગોદડા છે એ મેડાથી
ઉતરાદ બાજુ દખણાદે બારણે એક ખંડ છે તેમાં પાણગો
દડા તથા ગાદલા છે તથા એક પુસ્તક રાખવાની દાબડી છે
તેમા ઉપર પુસ્તક એક છે તો હસ્ત લખેલ છે તેના ઉપર
કચરો આ રેશમનું પુંઠું છે એવીજ બીજી એક ઓથડી
છે તે પણ હસ્ત લીખીત છે તે બીને ઓથડી આ એક લુગ
ડાની કોથળીમાં વીંટેલ છે તેમાંથી પૈસા નીકળેલ છે તેમાં
ધા કોરી રુપા તથા એક પૈસો છે ૫ કોરી બોદી છે બીઆ
ધાયા છે અને એક ઝીગલો છે તથા એક પૈસો છે તથા
એક લાકડાનો ઘોડો છે આ પુસ્તકો અરજદાર પોતાના
શાસ્ત્રના હોવા કહે છે એ ઓરડી મુખીને બેસવાની છે
એ મુખીની બેઠક આગળ આ પુસ્તકની ગોખી તથા પાવ
ડી છે તે લાકડાની છે આ ઓરડીમાં ઉપર સિવાય બીજું
કંઈ પુજનું સ્થાન નથી તથા બીજેના હોલમાં ઉપર બતાવે
લ પુજના સામાન સિવાય બીજુ કાંઈ પુજનો સામાન

KJ275

જોવામાં આવતો નથી તેમાં લખેલી નારાયણ કેશવજી
કોઈ છતી નથી ઉપર ની હકીકત અમે નજરે જોઈ
ન્યાતીશા દામના મકાનમાં આવી અમે અમારી
મેનો પ્રતીજ્ઞા ની લખાવેલી છે અને ગીરાસ વાલા મકા
નનું મેજર ઘેલાઉં કરવું તા. ૨૨
કા. દેવચંદ જેઠા દાઃ પોતે
કા. ડુંગરશી માવજી ની સહી દાઃ પોતાના
લુહાર મનજી આતા ની સહી દાઃ પોતાના
કા. કાનજી મુરારજી ની સહી દાઃ પોતે
અરજદાર.
સુથાર વેલજીરામ ધોરજી ની સહી દાઃ પોતાના
સામાવાલાઓ
પા. લખમણજી ધોરજી ની સહી દાઃ પોતાના
પા. જેઠા નાનજી ની સહી દાઃ પોતાના
પા. મનજી લાલજી ની સહી દાઃ પોતે
કા. દેવજી ઉકા ની સહી દાઃ ડુંગરસી માવજી દાખલ કેવાથી
પોલિસ પીતાંબર શીવદાસ ની સહી દાઃ પોતાના
પોલિસ પેથા રૂપમજી ની સહી દાઃ વિક્રમ શેવદાસ ના
દાખલાના કેવાથી

અરજદારના વકીલ.
ઠક્કર કરસનદાસ કુંવરજી

રૂબરૂ
કેશવજી નથુ ભાઈ
નખત્રાણા કોર્ટના કબાટે

હજૂર નખત્રાણા અદાલત

ઠયા. ફો. કામના સં. ૨૦૦૬

વૈશાખ વદ ૧૦ રવિવાર સં. ૨૦૦૬

સ્થાનીકે કાદીઆય મધ્યે સવારના સ્ટૉ. ૧૧ વાગે

જા. શ. રી

૧ મારૂં નામ દેવચંદ બાપનું નામ જેઠા જાતે કુંભાર ઉ. વ. ૩૩ ધંધો વેપાર તથા નોકરી રે: આદીમાળી કાદીઆય

૨ મારૂં નામ ડુંગરસી આણંદજી જાતે મોહાણા ઉ. વ. ૪૫ ધંધો વેપાર રેવાસી મોટા કાદીઆય

૩ મારૂં નામ મનજી બાપનું નામ ઓના જાતે સુથાર ઉ. વ. ૫૦ ધંધો સોનીનો રે. કાદીઆય

૪ મારૂં નામ કાનજી બાપનું નામ સુરજી જાતે ખુવાળા ઉ. વ. ૨૬ ધંધો વેપાર રે. મોટી કાદીઆય

૫ મારૂં નામ સુરજી હંસરાજ જાતે સારસ્વત ઉ. વ. ૩૬ ધંધો નોકરી રે. હાલે કાદીઆય

લી. અમો ઉપર લખ્યા નામ વાળાઓ તથા નીચે સહીઓ કરનારાઓ અમો અમારી ધર્મની પ્રતીજ્ઞા પર લખાવીએ છીએ કે અરજદાર કાદીઆયના કણબી વીરજી વિશ્રામ અને સામાવાળા ત્યાંનાં કણબી વિશ્રામ હરી વિશનજી વીરજી વીગેરા વીરૂધ્ધ કલમ ૯૧-૯૯ મુજબ ફરીઆદ દાખલ કરી દરમ્યાન મેંતોબરત થવા અરજ કરેલ અરજદારના કબજાના જ્યાલી સધીમની નીશાળ વાળી જગ્યાની હાલની સ્થીતી નું મેજર થવા અરજ કરતાં તે અરજ તે અરજ તેની મંજુર થતાં રા. કરશનજી નથુ ભાઈને હુકમ થતાં તેઓ આજરોજ સ્થાનીકે આવતાં અમે તેમના બોલાવવાથી હાજર થતાં નીચે લખ્યા સ્થળે આવી અમે અમારી ધર્મની પ્રતીજ્ઞા થી લખાવીએ છીએ કે વંડાના માં ઉભાળની ઓલ્ડીંગ છે તેના ઉપર જ્યાની બારણા સફેદ પતરની સાંકળેનો લાકડાના કઠોડા વારી છે તેમાં અંદર દાખલ થવાંઓ

KJ 276

લાંબો એક હોલ છે તેમાં આથમણા ભાગે હવા માટે બારી
ઓ (૩) છ તથા દખણાદી બાજુ રુ બે બારીઓ છે અને ઉગમ
ણી બાજુ અણ બારીઓ છે તેનો મેડીનો તરીયો સીમેન્ટ
ચુનાથી બાંધેલ છે તેના ઉતરાદા કરામાં એક પાણીયાર
ાનો ગોખલો છે તથા એક લાકડાની ઘરી છે તથા ઉગમણી
બાજુ એક ગોખલો છે તેમાં ભણવાની ચોપડીઓ છે તથા
એક શીશો સાટીનો છે ~~તેમાં અરીસા~~ મેજરીયા નંબર ૫ વાલો પોતાના
હાથે કહે છે દખણાદા કરાના ખુણામાં માસ્તર છોકરા
ભણાવે છે તેના આગળ પાટલો રાખવાનો છે તથા એક
ગાદી તથા સેતરંગી છે દખણાદા કરામાં બે ઓલીઓ
ખાડેલ છે તેમાં ઉપર પાટીઓ છે તે પાટીઆ ઉપર પુસ્તકો છે
તેમાં એક રામાયણ છે તથા એક શીવપુરાણ છે તથા તે
સીવાય ના જ્યોતીસના પુસ્તકો છે તે કુલ પુસ્તકો ૨૭
છે તેના ઉપર એક નાનો પાટીઓ છે તે ઉપર ભીતમાં
કરાની એ અક્ષરો લખેલ છે તે ગેરૂથી લખેલ છે॥ શઈકા લેવા
પાટીદાર નું સ્થાનક શાલ ૧૯૯૫ માંહ માગી મેગજી કેલે આણજી
સલાટ ખીમજી વેરશીભ એ પ્રમાણે લખે છે તથા ચોપડી વાલા
પાટીઆ ની ઉગમણી બાજુમાં એક સરટી ફીકેટ માસ્તર ને
પેતીકા બાબત નું મળેલ છે તથા ઇનામનું લખાણ દેપ અંદ જેઠા
ના હાથનું લખેલ છે તે ભીતમાં ચોડવામાં આવેલ છે તે ચૈત્ર
સુદ ૧૦ ગુરૂવાર ની મીતીની લખેલ છે અમો મેજરીયા પૈકી
નાં. ૫ વાલો મેજરીયો અમારા રૂબરૂ ભેરવી મુરારજી હંસરાજ
ની એ પ્રમાણે લખાવે છે આ હોલ મને સાં. ૨૦૦૧ ના પોસ સુદ
૧ ના રોજ શાર સ્વત રતનસીં પ્રધાન ઉર્ફે કાકુ પ્રધાન પાસે
થી આવ્યો અને તે મારે સ્વતંત્ર શાળા તરીકે સભા થવું
એવી રીતે આવેલ છે અને ત્યારથી કબજો મારી પાસે
છે એ ~~મ~~ પ્રમાણે લખાવે છે આ હોલમાં પુજાનો કંઇ સર સામાન
નથી સામાધાલાઓ હાજર છે તે કહે છે કે આ મકાન
સર્વ જનીક છે તેમાં બધાનો સરખો હક છે આ હોલ
માંથી સીડી ઉતરી નીચે જતાં ઉતરાદા ખુઆડ નું

બારણું છે તેને બમાવાનું નાખું દોઢોલ છે તેની આં
વી અરજદાર પાસે છે તે ખોલતાં અંદર દાખલ થતાં
ઉપર વાલા દોલ નીચે છાપરીઆલી છે તેમાં આથમણી
કોરે ખુણે તાક છે તાકમાંથી એકલ છારીયામાં જ્યા
ય છે તેની અંદર આથમણા ખુણામાં સરપણ પડ્યા છે
તેની બાજુમાં મુલો નાનો પાણાનો છે એકલ છારી
યાની આથમણી દીવાલ આથમણી કોરેની જગ્યા
આમાં નેવાનું પાણી આવવા નું નાળ છે તથા આથમ
ણી તરફથી આંગણામાં પાણી આવવાનું નાળો છે તેની
ઉગમણી બાજુમાં ડાળાનો આરો ભારી ચુલો આશરે
પડેલ છે એજરીયામાં આ અરો ધર્માદિનો દાથાકે છે
આંગણામાં નાળ ઉપર પાણાનો ઢગલો છે એકલ છારીયા
માં નીલા અરાના પાંદડા પથરાયલા છે એકલ છારીયા
ની ઉતરાદી મુખાડે એક ઓરડો છે જેને તાળો દીધેલ છે
તે તાળો અરજદાર પોતા પાસેની કુંચીથી ખોલે છે તે ખો
લી અંદર દાખલ થતાં આથમણા ખુણામાં મુના નો ઢ
ગલો છે તે કેપશી ૩) ત્રણ આશરે નો છે દખણાદી તથા
ઉગમણા ખુણામાં કુટી તથા ડારાનો અરો પડેલો છે
તેની બાજુમાં લાકડાના ઘરેલ પાટીયા તથા શાંખો છે
તેની દખણાદી બાજુ કુટી છે ઉપરના દોલ નીચે આ
ઓશરો તથા ઓરડો તથા ઓરડામાં દખણાદી બાજુ
કુલો આવાડાનો કુમાઉન્ડથી ઉલાયદો કાઢવામાં આ
વેલ છે પાછું જેમનું તેમ બંધ કરાવવામાં આવ્યું
ઉપરની હકીકત અમે અમારી દાઅંની પ્રતીકારી
નજરે જોઈ લખાવેલ છે તા. ૨-૧૨
ઠા. દેથમેર જેઠા દા: પોતાના
ઠા. ડુંગરસી મેપજ ની સહી દા: પોતે
સુથાર મનજી અનાની સહી દા: પોતાના

KJ277

ઠા. કાનજી મુરારજી દા: પોતાના
જોશી મોરારજી હંસરાજ ની સહી
અરજદાર
મુખી વાલજી વેશરામ ની સહી દા: પોતાના

સામાવાળાઓ હાજર છે તેમને સહીનું કહેતાં તેઓ
નું કહેવું છે કે ગામના ઠાકોર મુરવાજી રતનજી
ની હાજરી વગર અમે સહી કરવા ખુશી નથી. ના. સાદર

ઠા. દેવચંદ જેઠાની સહી દા: પોતાના
ઠા. ડુંગરસી માવજી ની સહી દા: પોતાના
લુહાર મનજી રાનાની સહી દા: પોતાના
ઠા. કાનજી મુરારજી ની સહી દા: પોતાના
જોસી મોરારજી હંસરાજ ની સહી દા: પોતાના

અરજદાર ના કબુલ.
ઠકર કરશનદાસ કુંવરજી

રૂબરૂ
કરશનજી નથુભાઈ
નખત્રાણા કોર્ટના કલાર્ક

સામાવાળા નાં. ૧, ૬ – ૮ – ૯ – ૧૧ – વાળાની માનશેર
આજકે અરજદારે જે દરમ્યાન કેસ જમીન લેવાની અરજ
કરી છે તે સબંધી અમારો જવાબ નીચે મુજબ છે
૧ અમો કોઈ પણ વખતે ગામમાં સુલેહ ભંગ કરેલો નથી
તેમ કરતા નથી અરજદાર ની અરજીમાં અવાથી પણ જણાશે
કે તે તદન હડહડતા જુઠાણા ભરેલી છે
૨ અમોએ કોઈ પણ વખતે સુલેહ ભંગ કરેલો નથી તેમ
કરતા પણ નથી અને કરવા કારણ પણ નથી તેમ અમારા
ધર્મની જગ્યામાં કોઈ પણ જાતની મુર્તી બેસાડવા ની
કોઈ પણ વખતે હીલચાલ પણ થઈ નથી અમોએ કોઈ
પણ જગ્યા દાબી લેવાની કોઈ પણ જાતની હીલચાલ
કરી નથી ૩ નીશાળ વાળી જગ્યા અમારી કબજો

ક્યારીનીનથી પણ આદિમાણી કાદીઆયમાં રહે
બારા દરેક હીન્દુ ધર્મની છે અને તે સાર્વજનીક છે
અને તેની અંદર આખા ગામની સાર્વજનીક નોરતા
ય આવે છે તેમ બીજા ભાગની અંદર સમસ્ત
હીંદુ ભાઈઓનો ધરમાઉનો મઢો તેની અંદર રહે છે
કબજો પણ આખા ગામના હીંદુ જેમબારોના છે
તેની જમીન પણ ગામ ધણી તરફથી સાર્વજનીક ઉ
પયોગ માટે આખા ગામના હિન્દુઓને માફત
આપવામાં આવી છે અરજદાર તેસબંધી જે કંઈ
જણાવે છે તે જણાવવું તેનું તદન ખોટું છે
૩ અમો કોઈ પણ સામાવાળાઓ કોઈ પણ વખતે
મકાનની અંદર લાકડીઓ લઈ ગયેલા નથી તેમ અર
જદાર તથા તેના શાહેદો કહે છે તેથી કોઈ પણ જાતની ધમકી
આપીનથી અરજદાર તથા તેના શાહેદોની ઉલટ તપાસ કરવા
અમો માગીએ છીએ જે ઉલટ તપાસ થશેતો નામદાર કોર્ટ
ને ખાત્રી થશેકે અમારા વિરૂધ્ધ આ બધો બનાવ ઉભો કરવામાં
આવ્યો છે
૪ અમારી ધર્મની જગ્યાનો કબજો પણ અરજદાર એકે
લાનો નથી પણ આદિમાણી કાદીઆય ના સમસ્ત કણબી
ભાઈઓનો છે અરજદાર સેવા પુજા કરતો હોય તેથી કબજે
દાર તરીકે કહી શકાય નહી અમો સનાતન ધર્મને માની
એ છીએ હીન્દુ તરીકે રહેવા માગીએ છીએ અને હીન્દુ ધર્મે
અરજદાર થી પણ ઈન્કાર કરી શકાય તેમ નથી અમારા માંજ
અરજદાર હીન્દુ હોવા છતાં અરજદાર અમોને ઈમામ
શાહ બાવાની છબીને માનવાની ફરજીયાત ફરજ પાડ
તો હોવાથી અમો ના પાડતા હોવાથી અરજદાર રોષે
ભરાઈ અમોને હેરાન કરવા આ જુઠી અરજી કરી છે
એ પ્રમાણે જ્યા બધે તે ખોરાકમાં લઈ અરજદાર તથા તેના
શાહેદોએની ઉલટ તપાસ ની પરવાનગી આપાવશો એજ
દરમ્યાન ફેલજમીન લેવાની અરજી રદ કરાવશો
જેઠ સુદ ૨ [signature] ૬

KJ 278

જવાબ

શામાવાળા નાં. ૧-૨-૩-૪-૫-૬-૮-૭-૧૧ વાળાની માન
સર અરજ એ છે કે આ કામે અરજદારે આપેલ જવાબ
વારશી અમારો જવાબ નીચે મુજબ છે

૧ અરજદાર તરફથી પોતાની અરજના પેરા પારાગ્રાફમાં એક
જગ્યા જ્યોતીસ ધામની અને બીજી જગ્યા નીશાળ વાળી બતા
વવામાં આવી છે જેમાં નીશાળ વાળી જગ્યા એકલા કણબી
જ્ઞાતીની નથી પણ સમસ્ત ગામના હિન્દુ મેમ્બરોની છે
જેમાં અરજદાર એકલાનો હક નથી આ જગ્યા ~~[illegible]~~ તેનો કબ
જો નથી તેમ ભાડે આપવાની બીના પણ ખરી નથી જ્યોતી
સ ધામની જે જગ્યા કહેવામાં આવે છે તે અમો કોઈ આપ
ગામ સમસ્ત કણબી જ્ઞાતીની છે અને તેનો કબજેદાર નથી
સર્વે જ્ઞાતીના મેમ્બરોનો કબજો છે અને તે પાટીદાર માજન
ની હોવાનું મેજરમાં પણ સ્વીકારાય છે
૨ અરજદાર ગામનો વહીવટ કરનાર પણ નથી પણ જેપર
અંદરનો પુજારી છે તેના કબજામાં કાંઈ પણ કામ પાશાણી
રહેતા નથી કામ વાશાણો જ્ઞાતીની જગ્યામાં રહે છે આવી
ઓ જગ્યાની અંદર રહે છે પૈશાના પેટારાને અરજદાર
નું તાળું લાગતું નથી ગામનું તાળું લાગે છે કબજો જ્ઞાતી
ના દરેક મેમ્બરનો છે
૩ અરજદાર જુના સ્થાનમાં અખંડ જ્યોત આનેપા
રજ પડેલ હોવાનું જણાવવું ખરું નથી અરજદાર જે કંઈ
લખે છે તે લખવા પુરતું છે હીન્દુના જુના સ્થાનમાં લોબાન
ન હોવા કારણ નથી લોબાનનો ધુપ થઈ શકે નહિ પણ
ધુપ હોવું જોઈએ એ ખોર પાછી આની જરૂર નથી પીરાણાનો
ગોળો હોઈ શકે નહિ હસ્ત લેખીત ધર્મનાં પુસ્તકો રજુ
થાય તો તપાસવામાં આવશે તો ખરેખર તે હીન્દુ ધર્મનાં
પુસ્તકો નથી તે પીરાણા સંપ્રદાયના પુસ્તકો વાંચવામાં
આવે છે પીરાણા સંપ્રદાય હિન્દુ ધર્મના ફીરકો કે સંપ્રદાય
નથી મુસલામ ધર્મનો ફીરકો છે તે સર્વ માન્ય છે

અરજદાર મુસ્લીમ સંપ્રદાયનો પ્રચાર કરી અમોને
અવળે માર્ગે દોરે છે એટલે તેને મના કરતા તેઓશ્રી
ભરાઇ ખોટી ફરીયાદ કરી છે
૪ અમો હિન્દુ છીએ ગામના તમામ કણબીઓ
હિન્દુ છે તે અરજદારથી ના પાડી શકાય નહિ તેમને પીરાણા
સંપ્રદાયના સિધ્ધાંતો છળકપટથી અરજદાર ગ્રહણ કરાવ
વા ભાવના રાખતો હોવાથી અમો ના કહેતા હોવાથી
રાગમાં લેવા આ જુઠો કેસ કરેલ છે
૫ અમો શાન્તી પ્રીય છીએ શાન્તપણે અમો ગામ
માં રહીએ છીએ સનાતન ધર્મને માનતા આવ્યા છીએ
અને સનાતન ધર્મમાં રહેવા માગીએ છીએ છતાં આ
રજદાર વીધર્મી ધર્મના સીધ્ધાંતો ગ્રહણ કરવા અને
તે હીન્દુ રિવાજો હોવાનો ખોટો પ્રપંચ કરી અમારા
ધર્મની લાગણી દુભાવતો હોવાથી અમે તેના સામે કંઇ
પણ બોલવા માગીએ છીએ તો અમોને ઓચિંતા જનાક
રાજા બોલી કોર્ટની બીક બતાવી અમને હેરાન કરવા ખોટો
કેસ ઉભો કરેલો છે
૬ અમો કોઇ પણ વખતે સુલેહ ભંગ કરવા ઇચ્છતા નથી
ક્યારે સુલેહ ભંગ કરેલ નથી કરવા માગતા નથી તેમ
હિંદુ ધર્મ વિરૂધ્ધ કોઇ પણ જાતનો પ્રચાર કરતા નથી
મુર્તી બેસાડવા કોઇ પણ વખતે પ્રચાર કરેલ નથી તેમ
જગ્યામાં બેસાડી પણ નથી તેમ કોઇ પણ વખતે બેસવા
દેવા નથી અરજદાર જે કંઇ લખે છે તે સરવે જુઠું છે
૭ અરજદાર અમો અજ્ઞાન ભોળી કોમ કે જે હીન્દુ છીએ
હીન્દુ ધર્મને માનતી આવે છે માનવા માગે છે તેની ભોળી
પણ અને અજ્ઞાનતાનો લાભ લઇ તેમને વીધર્મી ધર્મમાં
ધસડી જવા માગે છે તે સબંધી જ્ઞાતીમાં જાહેર રીતે કંઇ
કહેવામાં આવેલું હોય અને હીન્દુ ધર્મનો જારી ધારો

KJ 279

અડકાવ્યો હોય તેથી કંઈ સુલેહ ભંગ થયો કહી શકાય નહી
અરજદારની જેમ અમોએ પીરાણા સંપ્રદાય કે જે મુસ્લીમ
ધર્મનો ફીરકો છે તેના સીધ્ધાંતો પરાણે મનાવવા માગે છે
અને તે માનવામાં વાંધો કરીએ છીએ તો અરજદાર સુ
લેહ ભંગ થાય છે તેવી પોકાર કરે છે હકીકતે અમો આ
થી જાહેર કરીએ છીએ કે મુસ્લીમ ધર્મના કોઈ પણ
સિધ્ધાંત માનવા તૈયાર નથી અને માનશું પણ નહી

૮ અરજદાર એક બાજુ બ્રહ્મણો પાર હોવાનું અરજ
માં કબુલ કરે છે બ્રાહ્મણના પારાસરીયા ગોર નો
ધુપ હોઈ શકે નહિ હિન્દુ રીત રીવાજો પ્રમાણે તે
પાર પાસે પુજા હોઈ શકે છતાં અરજદાર તેથી વિરૂધ્ધ
વર્તન કરતો હોય ~~તો તેને અટકાવવું~~ અને ઈસ્લામ ધ
ર્મનો પ્રચાર કરતો હોય તો તેને અટકાવવું તે અમારી
નૈતીક ફરજ છે તે ફરજ અદા કરતા હોઈએ તેમાં અર
જદારો કોઈ અડચણ થઈ શકતી નથી

૯ જ્યોતીસ ધામ નામનો કોઈ પંથ કે સંપ્રદાય હિન્દુ
ધર્મમાં નથી તેમ તેવો કોઈ પંથ હોવાનું અમે પણ
સાંભળ્યું નથી અરજદાર અમારા ધર્મની વીરૂધ્ધ
વા બદબોઈ થવામાં આવે છે એમ કહે છે તે અરજ
દાર પોતાનો કયો ધર્મ માને છે એમ જણાવવા હીંમત કરતો
નથી અમે હીન્દુ છીએ હીન્દુ ધર્મ વિરૂધ્ધ અમારો
પ્રચાર હોયજ નહિ એ દેખીતું છે આથી પણ જ
ણાશે કે અરજદાર પણ બીજો કયો ધર્મ માને છે કે જેના
વિરૂધ્ધ પ્રચાર થવાનું કહે છે તેજ તેની અરજી સમજ
શકાતું નથી

૧૦ જ્યોતીસ ધામનું કોઈ પણ મન્દીર અમારા ગામમાં
નથી જેથી તેનો કંઈ પણ સવાલ ઉપસ્થીત પણ નહી

હોઈજ શકે નહિ જેકંઈ કામ થાશાગો ગારલાં ઓરડાં
મકાન રોકડ રકમ છે તે સર્વે કડીઆય ગામના કણબી
જ્ઞાતીનો છે અને તેમાં જ્ઞાતીના દરેકે સભ્યના પદરના
પૈસાથી થયેલ છે અને તેમાં જ્ઞાતીના દરેકે સભ્યનો
હક હીસ્સો છે અને તે જ્ઞાતીના દરેકે સભ્યને વાપરવા
નો હક છે અને તે અરજદાર થી ના પાડી શકાય તેમ ન
થી અને હાલ લગી વાપરતા આવ્યા છીએ અને વાપર
વા સંપૂર્ણ હક અને અધીકાર છે
૧૧ મેજર સંપણ કડીઆય પાટીદાર મહાજનનું જ્યાતોર
સ ધામ હીન્દુ સિવાય અંદર આવવું નહી આ પાટીયા
થી પણ જણાશે કે કડીઆય પાટીદાર સમસ્ત મહાજનનો
મકાન છે આથી પણ જણાશે કે અરજદાર જે હકીકત
કહે છે તે ખરું નથી
૧૨ અરજદાર તથા તેના ~~સાગરીતો~~ સાથીદારો જ્ઞાતીના
પૈસાનો હિસાબ આપેલ ન હોવાથી તેમજ ઓડીટ હિસાબ
થતા ન હોવાથી તેમજ પૈસાની સ્વઈચ્છાએ ગેરવ્યવસ્થા કરતા
હોવાથી તેમજ બીનધર્મીઓને પૈસા આપી જ્ઞાતીમાં ઈસલામ
ધર્મને ઉત્તેજન આપેલા હોવાથી જ્ઞાતીના સભ્યો તેમને પૈ
સાનો હીસાબ માગતા હોવાથી તેમણે રોષમાં લેઈ તેમજ
દાઝે રેવા ખોટો ઉહાપોહ કરી ખોટા ખોટા કેશો ગામેગા
મ કરવાનો કજીઆ પડ્યા છે તે સાબીત કરી આપવા તૈયાર
છીએ અરજદારે કેવળ આ ફરીયાદ જુઠી અને રોષમાં
લેઈ કરેલ છે તે બીલકુલ માનવા પાત્ર નથી
આ તે માટે સાહેબ તે બાબતમાં સદે અરજ
દારની ફરીઆદ રદ કરાવવા કૃપા કરશો

આશાડ શુદ ૫ સં. ૨૦૦૧.

KJ 280

શ્રી નખત્રાણા અદાલત

ચ્યા. ફો. પ. કામના. ૨૧૦.૨૦૦૨

મુખી વીરજી વિશ્રામ કાદી આદ્ય આદીમાણી } અરજદાર

કાનજી વિશ્રામ વીરજી વગેરે કાદી આદ્ય આદીમાણી } સામાવાળા

વ. કુરશનદાસ.

જામીન

કલમ ૯૧ - ૯૮ મુજબ

કાદી આથ્ય આથમાણી.

(૩૫મા) KJ 281

નામદાર શ્રી નખત્રાણા કોર્ટમાં

વિથોણ ગામના જ્યોતીસધામ મંદીરના ગાદીપર કરનાર તથા પુજારી મુખી હંસરાજ જેઠા ઉં.વ. ૫૫ વિથોણ } અરજદાર.

૧ કા. ગંગદાસ લધા ઉં.વ. ૫૦ વિથોણ.
૨ કણબી કરસન નથુ ઉં.વ. ૩૫ ત્યાંના
૩ કણબી વાલજી માવજી ઉં.વ. ૪૫ ત્યાંના
૪ કણબી વાલજી શીવજી ઉં.વ. ૬૦ ત્યાંના
૫ કણબી નથુ દાના ઉં.વ. ૫૦ ત્યાંના
૬ કણબી મેઘજી નાનજી ઉં.વ. ૧૮ ત્યાંના
૭ કણબી અરજણ પ્રેમજી ઉં.વ. ૨૫ ત્યાંના
૮ કણબી રાજા કેસરા ઉં.વ. ૬૦ ત્યાંના
૯ કણબી કરસન ગુણજી ઉં.વ. ૩૦ ત્યાંના
૧૦ કણબી ડાયા દેવજી ઉં.વ. ૬૦ ત્યાંના.
} સામાવાળા.

જાબીન.
કલમ ૯૧ — ૯૮ મુજબ.

અરજદાર ની માનસાર અરજ એ છે કે નીચે નામે લખી મજકુર

૧ ઉગમણી કોરે જુવરાજ રૈયાની દુકાન તથા મુખીનું ફળી છે.
૨ આથમણી કોરે ઓટો તથા રાજમાર્ગ છે
૩ દખણાદી કોરે કણબી રામજી વાલજી ની જગ્યા છે
૪ ઉતરાદી કોરે રાજમારગ તથા ઓટો છે.

દીશા વચ્ચેના મકાન માં અમારા જ્યોતીસધામનું મંદીર છે તથા તેના વાડાની માલમાં ~~ખાન~~ કામ વાસણ ગાદલાં ગોદડાં વગેરે તથા રોકડ રકમ વિગેરે મજકુર માં પડેલ છે આ મારા જ્યોતીષધામ મંદીરની સેવા પુજા હું કરૂં છું તેમજ

તેની મીલ્કતનો વહીવટ પણ હું કરૂં છું હાલ કેટલાક વખતથી કેટલાક ખટપટી માણસોએ અમારા પંથની સામે લક્ષ્મી નારાયણ પંથ ઉભો કરી અમારા ધર્મનાં વિરૂધ્ધ પ્રચાર કરે છે અને તે કારણે અમારા કોમના કેટલાક અજ્ઞાન માણસોએ અમારો પંથ મુકી દઈ લક્ષ્મીનારાયણના નામે નવો પંથ ઉભો કરેલ છે અને અમારા જુના અનુયાયીઓ ને એવું ઉત્તેજન આપી રહ્યા છે કે જ્યોતીસધામની મીલ્કત તમારી છે અને મકાન તથા તેની અંદરનો સરસામાન રોકડ વગેરે તમારા છે

જ્યોતિષ ધામના મંદીર ને ઉડાડી દઈ લક્ષ્મી નારાયણનો
મંદીર બનાવો

આવા ઉતેજનામાં અમારા અરજ માં બતાવ્યા
સામા વાળા ગઈ કાલ સવારના દશ બજે અમારા જ્યોતીસ
ધામ મંદીર માં આવેલા અને અમને કહી ગયા છે કે "આવ
તી કાલે સાંજે આ જ્યોતિસ ધામનો પાટ વીગેરે ઉપાડી જશે
અને ત્યાં લક્ષ્મી નારાયણ મંદીર પરી લાકડીઓ લઈ આવશું
અને મોત ખપતું હોય તો જ્યોતીસ ધામ મંદીરની રક્ષા કરજો
આ પ્રમાણે આ સામાવાળા એક સંપ થઈ બોલી ગયા છે
અને મને દહેશત છે કે તેઓ આજે અમારા જ્યોતીસ ધામ
મંદીરમાં આવી સુલેહ ભંગ કરી અમારા મંદીર ને તોડી પાડી
અમારી મીલ્કત ઉપાડી જશે એટલે અમારા ધર્મનાં મંદીર
ની અને તે મંદીરની ~~અ~~ માલમતા અને મારી જીંદગી જોખમમાં
છે તેથી તેનો બંદોબસ્ત થવા આ અરજ આપના હજુરે નોંધા
વી અરજ ગુજારૂં છું કે તેઓના ફેસ જામીન કાયમ ને માટે
લખડાવવા દયા કરાવશો તથા અમારી જીંદગી તથા મીલ્કતનો
બંદોબસ્ત કરાવશો

લક્ષ્મી નારાયણના કહેવાતા પંથના રીતસરના લાઠી
ધારી દળો ગામો ગામ તૈયાર કરવામાં આવે છે તેના પ્રચારકો
ગામો ગામ સભાઓ ભરી અમારા વિરૂદ્ધ બળવો કે લાવે છે
તમારે રીતસરના ઈલાજે લેવાશે અમારો હક અત્રે કાયમ રા
ખીએ છીએ! પરંતુ આ તાત્કાલીક સામાવાળા વિરૂદ્ધ તેઓ
તરતમાં કાંઈ હુલ્લડ કરી સુલેહ ભંગ ન કરે માટે તેના વિરૂ
દ્ધ કરક ફોજદારી કાયદાની કલમ ૯૧ મુજબ ફેસ જામી
ન લેવા અને અમારી મીલ્કત તથા જાન માલનું રક્ષણ
થા કલમ ૯૮ મુજબ બંદોબસ્ત થવા અરજ ગુજારૂં છું
સાહેદોનું લીસ્ટ આ જોડે રજુ છે સમગ્ર હકીકત

માગણી છે

સામાવાળાનાં ૧ થી ૧૦ વાળાને આપના હજુર બોલાવી
તેમના કલમ ૯૧ મુજબ ફેસ જામીન લખડાવવા અમા
રી મીલ્કત ~~ને~~ તથા જાન માલનો બંદોબસ્ત કલમ ૯૮ મુજ
બ કરાવી આપવા દયા કરાવશો

ફાગણ સુદ [illegible] સોમે સં ૨૦૦૨ [illegible]
આપની [illegible] [illegible]

KJ 282

શાહેદોનું લીસ્ટ

૧ કણબી રેંગા ગાંગદાસ વિથોણ.
૨ કણબી નાગજી નાંથા ત્યાંના
૩ કણબી નારાણ પેથા ત્યાંના
૪ કણબી નારાણ રામજી ત્યાંના
૫ કણબી નથુ શીવજી ત્યાંના
૬ કણબી રામજી હરજી ત્યાંના
૭ કણબી અરજણ આબઈ નાના અંગીઆ
૮ કણબી નથુ કરશન ઘાવડા
૯ કણબી અરજણ સામજી કોટડા
૧૦ મુખી શીવદાસ પરબત ખીરસરાણી

ફાગણ સુદ ૮ સોમ / ૨૦૦૨

ફાગણ સુદ ૮ સોમવાર સાં. ૨૦૦૨

અરજદાર
હું ધર્મથી ખરૂં લખાવીશ
મારૂં નામ હંસરાજ પીતાનું નામ જેઠા જાતે કણબી ઉ.વ. ૫૦ ધંધો ખેતીનો રેવાસી વિથોણ.

જુબ્યુ તપાસ.

૧ અમારા ગામમાં જ્યોતિષધામનું મંદીર છે જેનો સેવક અને પુજા હું કરૂં છું તે મંદીરમાં ડાબડા ઢાકડા આવેલા રૂપીઆ વગેરે રોકડ રકમ વગેરે રહે છે હમણાં જ્યોતી વીથોણ મંજુસમાં રોકડ રકમ વગેરે રહે છે હમણાં જ્યોતી સ ધામનાં મંદીર સારો વાંધા કરવા બોજે પંથ ઉભો થયો અ નોતીઓ સોમવારની રાત્રે હુમલો કરવા લાગો આજે રાતે હુમલો કરવા માગે છે

૨, ગઈ કાલે મંદીરમાં એ મંડળે અમને બોલાવ્યા હતા તેમાં ગાંગદાસ લિધા કરશન નથુ વાલજી માવજી વાલજી શીવજી નથુ દાના મેગજી નાનજી અરજણ પ્રેમજી તથા ડાયા દાનજી રાજા કેશરા, કરશન જુમજી હતા તેઓએ સોમવારની રાત્રે હુમલો કરશું તમારાથી બનવું હોય તો મેલજો શું પરોતે તેમના મનની તેમને ખબર આજે સાંજે મંદીરમાં

આજે સાંજે મંદીરમાં મામલો પેલા અને મારા મારી
થાયતો જોખમ જેવું છે

3 હુલડ ખોરો અમારા જ્યોતીસ ધામના મંદીર હેઠે
ણે મુર્તી બેસાડવા માગે છે ગામો ગામ તેઓ ભોષણો
કરે છે અને લાકડીઓ ધારી માણસો તૈયાર પણ થાય
જ્યામાં આવો તો લાકડીઓ લઈ આવજો એમ તેઓ
કરે છે

4 હવે હુમલો ન થાય અને ફૂલ જમાન લેવાય તેથી
આ જ્હે મેજર નથાય તો કંઈ નહિ પણ નવું જુનું ન થાય
તેથી અરજી છે

ઓખો હંસરાજ જેઠાનો સહી દા. પોતાના.

કેશનો નીકાલ થતાં દરમ્યાન ફૂલ જમીન તથા
મેજર થવા બાબતની અરજ ઉપમા.

મા. નખત્રાણા કોર્ટમાં

પુંજારો મુખી હંસરાજ જેઠા વિગેરે અરજદાર
ફલાબી ગંગદાસ લધા વીગેરે વિગેરે સામાવાલા
બાબત કલમ ૯૧, ૯૮ મુજબ.

અરજદાર બો નામસર અરજી જેના સામાવાલાથી રૂ
ઉદ્ય કલમ ૯૧, ૯૮ મુજબ ફરીયાદ દાખલ કરેલી છે તેનો રીત
સર નીકાલ થશે પરંતુ દરમ્યાન માં અમારા મંદીર તથા મંદીર
ની માલ્કત તથા જાન માલનું રક્ષણ થવા અને સુલેહ ભંગ
ન થાય તે માટે નીચે મુજબ અરજ ગુજારું છું

૧ અમારા મંદીર તથા અમારા કબજાની માલ્કુતનું રીતસર
આપ નામદાર સાહેબ રૂબરૂ મેજર થવાની જરૂર છે

૨ આ રીતે મેજર થઈ તેમાં સામા વાલા કંઈ દખલગીરી કરી
નવીન કરવા સુલેહ ભંગ ન કરે તેવો બંદોબસ્ત થવા
તેમના ફરીયાદ ચાલતા દરમ્યાન ફુલ જામીન લેવરાવવા
દયા કરાવશો

3 સામા વાલાઓ તથા પડખે અડેલા માણસો બીજા ગામો
માં આ કામ કરવામાં ઉશ્કેરણી કરે છે અને તેમારે
ગામો ગામ રીતસર સભાઓ ભરી ઉત્તેજન આપે છે

KJ 283

તેમજ લાઠી ધારી દળો તૈયાર કરે છે અને નજરમાં સુલેહ ભંગ થાય તેવું છે અને સામા વાળાના કહેવા મુજબ આ સંજોગ તેઓ સુલેહ ભંગ કરશે માટે તાકીદ બંદોબસ્ત કરાવશો

આ તાકીદ બંદોબસ્ત થવાની અરજ સાથે પ્રાઈમા ફેસી સાહેદો તરીકે નીચે લખ્યા સાહેદો હાજર છે

૧ કણબી નાગજી પરબત ધ્રોબાણા
૨ કણબી રાજા શીવજી ત્યાંના
૩ કણબી શીવગણ ગંગદાસ ત્યાંના

ફાગણ સુદ ૮ શનો/૨૦૦૨.

ઈકરાર
સહી-

અરજદાર તરફથી ઉપર પ્રમાણે અરજ થાય છે અત્યારે કોર્ટ નો ટાઈમ વ્યતીત થઈ ગયો છે જેથી સાહેદોની જુબાની લેવા માટે આવતી કાલપર રાખવું પરંતુ દરમ્યાન રાત્રી વખતે તોફાન થશે એમ અરજદાર ના વકીલ જણાવે છે માટે સુલેહનો ભંગ ન થાય તેવો બંદોબસ્ત કરવા પોલીસ માં લખવું અને આવતી કાલે સાક્ષી લઈ બાદ મેજર કરવાની અરજ [illegible] છું

ફાગણ સુદ ૮ સાનો/૨૦૦૨
ઉપમા

ના. નખત્રાણા કોર્ટમાં

અરજદાર ની માનસર અરજ છે કે આ કામે [illegible] ફેલ જમીન લેવા અરજ ગુજારી છે તેમાં નોટીસ થતાં દરમ્યાન અમારા કબજાની મોલકતનું મેજર તથા અમારા મંદીર અને અમારા કબજાની મોલકતનું થવા અરજ ગુજારી છે

ગઈ કાલ રાત માટે પોલીસને સુલેહ ભંગ ન થાય તે માટે બંદોબસ્ત કરાવી લેવા લખવામાં આવેલ પરંતુ તે પોલીસનો બંદોબસ્ત ઉઠાવી લેવા માં આવેલ છે અને સામાવાળા તરફથી સુલેહ ભંગ થશે એવું જોખું જણાય છે અને અમારા કબજાની મોલકતનું અને અમારા મંદીર અને તેની મોલકત નું તાકીદ રક્ષણ થવા અમારા મંદીર અને તેની મોલકત નું તાકીદ
વધુ મેજર થવા ખાસ જરૂર છે

કારણ કે આ અરજમાં અમારો કબજો રેહવા બાબે
હકીકત લેવાની અમારી માગણી છે શામાં બાબા તેમાં
દખલગીરી અમારા પુજાના સ્થાન ઉપરડી જુની અમોહિસાબ
વાળો તજવીજ માં છે માટે અમારા જ્યોતીસ ધામ મંદીર ના
મકાન અંદર ની સોંપણી નો બોજ કરાવી આપવા દયાળુ થયો
હુકમ ફરમાવશો

ફાગણ સુદ ૯ ભોમે / ૨૦૦૧

દસ્કત દારા કુંવરજી
અરજદાર નાવડીઆ

રા. સોરસ્તેદાર

અરજદાર તરફથી ઉપર પ્રમાણે અરજ થાય છે જેથી તમારે સીધી રૂબરૂ સ્થાનીક સ્થીતીનો બોજ કરો આવી પરીણામ નો રિપોર્ટ કરવો

ફાગણ સુદ ભોમો / ૨૦૦૧.

હાકેમ. પા. ડંગરા.
નબળા ...

KJ284

શ્રી નખત્રાણા કોર્ટ

આ. ફો. કામ નં શાં ૨૦૦૧

ફાગણ સુદ ૯ ભોમે સાં. ૨૦૦૧

સ્થાનીક રોજ. સાંજના ૫-૫ વાગે

૧	મોતા ખેંગાર ગોવિંદજી	૬૨	વાણિયા	વેપાર	વિથોણ
૨	શા. કેશવજી ગોવિંદજી	૬૩	"	"	"
૩	શાની ખેતશીભાઈ રામજી	૨૫	સોની	સોની	"
૪	શાની જેઠાભાઈ પુંજા	૩૬	"	"	"

લી. અમો ઉપર સહીનામ વાળા નીચે સહીઆપીકરના
શ ધર્મની પ્રતીજ્ઞાથી લખાવીએ છીએ કે વિથોણ જ્યોતીસ
ધામ મંદીરના વહીવટ કરનારતરીકે જુમા ભુખા હંસરાજ જેઠા
ની ફરીયાદ વિથોણ ના કણબી ગંગાદાસ શિવાની વિરૂધ્ધ ફલક
લી-૯૯ મુજબની ફરીયાદ શ્રી નખત્રાણા કોર્ટમાં દાખલ કરેલ
માં આવેલ છે તે કામે અરજદાર તરફથી જ્યોતીસ ધામ મંદીર
ના મકાન અંદરની સ્થીતીનું રોજ થવા માટે અરજી આપતાં તે
માટે અમલ કરવા શ્રી નખત્રાણા કોર્ટના સીરસ્તેદાર જયંતી
લાલ જયશંકર ના બોલાવવાથી સ્થાનીક હાજર થયા. આ મા
હાજર છે જ્યોતીસ ધામનું મંદીર ગામની આથમણીને ગામના
વચ્ચે આવેલ છે ત્યાં અમો દાખલ થયા અંદર એક ઓરડી
મોટી છે તે હોલના દરવાજા બે આથમણા મોઢાના છે દખણા
દી તરફ એક મેડો છે ઉપર ગાદલા ગોદડા તથા બે ઓસરા તથા
બે પેટી લાકડાની જોવામાં આવી છે ગાદલા પર વિથોણ નારાણ
નું તેમજ જગ્યાનું નામ ભરેલ ગાદલા પર છે મોટા હોલમાં દખ
ણાદી તરફ મેડા નીચે એક પેટી મજુસ ધારે પડેલી જોવામાં આ
વે છે મેડા નીચે તાંબા પીતળનાં ઠામ વાસણ પડેલા છે પીતળ
ના ત્રાંસ પર વિથોણ ની જગ્યાનું ત્રાંબાના વાસણ પર વિથોણ
ના ખાના નું નામ મંડાયેલ જોવામાં આવે છે

ઉતરાદી તરફ જગ્યાનું આસ્થાન છે અને પાટ છે આસ્થાન
ના પર પડદા બાંધેલ છે આ સ્થાન ના પાટ પર ગાદી ની મુઠ
વાળું સમર છે ઉપર છત્રી છે અને ચાર ઈંડા છે

ઉપડી તોરણ બાંધેલ છે ચાર પાસે લાકડાની ઘોડી પર
ચુસ્તાક પડેલ છે આગળની પોતાળની દીવાલ છે આ સ્થાન
પર લાકડાની છતેડી છે આ સ્થાન પર ગાંઠીનું એક તોરણ
લટકતું જોવામાં આવે છે આ સ્થાનમાં લાકડાંના થાંભ
લા છે તેમાં દીવા રાખવાના ગોખડા છે તે છતેડી નીચે ના થા
પાઠક આગલ ભાગમાં તથા છેડાના ભાગમાં આરસપપ
રાખેલ છે આ સ્થાનની આથમણી તરફ એક લાકડાની મંજુસ
છે તેને તાળો લોખંડનો આપેલ છે તેની બાજુમાં જશોત
બળે છે મંજુસ પર ખોટરાયો છે તે ખોટરાયામાં બે હાકડ
તથા મોર પીછ ટાંગડેલ છે રેશમથી એ બાંધેલ છે મંજુસ
પર બે આસમન તથા એક ધુપેડું પડેલ જોવામાં આવે છે
તેની બાજુમાં બે લાકડાની દીવાચા છે
